JUDGEMENT Juivenile Inq. Case No. 45/2023

| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ:** | ૨૫/૦૮/૨૦૨૩ | | |
| **નોંધ્યા તારીખ:** | ૨૫/૦૮/૨૦૨૩ | | |
| **ફેંસલ તારીખ:** | ૦૧/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો:** | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## ફોર્મ–એ

**મે. સુરેન્દ્રનગરના પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,**
**મુ. સુરેન્દ્રનગર.**
**(ચુકાદાની તારીખ: ૦૧/૦૭/૨૦૨૬)**
**જુવેનાઈલ ઈન્કવાયરી કેસ નંબર : ૪૫/૨૦૨૩**
**સુરેન્દ્રનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.: ૧૧૨૧૧૦૫૭૨૩૦૫૮૭/૨૦૨૩**

**આંક: ___**

| | |
|---|---|
| **ફરીયાદી** | વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહ |
| **રજુઆત કરનાર** | ફરિયાદના તર્ફે વિ.એ.પી.પી. શ્રી ટી.બી.સોલંકી |
| **કા.સં.આ.બા.** | (૧) XXXXX [redacted] જી. સુરેન્દ્રનગર. |
| **રજુઆત કરનાર** | જુવેનાઈલના વાલી તર્ફે વિ.વ.શ્રી વી.ટી.વાઘેલા |

## ફોર્મ–બી

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૭/૦૬/૨૦૨૩ |
| **એફ.આઈ.આર. દાખલ તારીખ** | ૨૩/૦૮/૨૦૨૩ |
| **ચાર્જસીટ રજુ કર્યા તારીખ** | ૨૩/૦૮/૨૦૨૩ |

| | |
|---|---|
| તોહમતનામું ઘડવામાં આવેલાની તારીખ | ૩૦/૦૮/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૦/૦૯/૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખવામાં આવ્યા તારીખ | |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | |

<u>કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની વિગત</u>

| કા.સં.આ.બા. નંબર | કા.સં. આ.બા.નુ નામ | ડીટેઇનની તારીખ | જામીન મુકત તારીખ | કયા ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ | નિર્દોષ કે દોષિત | સજા જે ફરમાવવામાં આવેલ હોય | ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૨૮ ના હેતુ માટે, ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કેદમાં રહેલ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | xxxx | ૧૪/૦૮/૨૦૨૩ | ૧૪/૦૮/૨૦૨૩ | ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબ | – | – | – |

==================================================

| |
|---|
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ટી.બી.સોલંકી<br>કા.સં.આ.બા. તરફે વિ.વ.શ્રી વી.ટી.વાઘેલા |

==================================================

**: : જ જ મે ન્ટ : :**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તમો કા.સં.બા.એ ગઈ તા. ૦૫/૦૬/૨૦૨૩ ના કલાક ૧૧.૩૦ થી તા. ૦૭/૦૬/૨૦૨૩ ના કલાક ૧૭.૪૫ સુધીના સમયગાળાના દરમ્યાન કોઈ પણ સમયે સુરેન્દ્રનગર ન્યુ ચંદ્રોદય સોસાયટી, વાઘેશ્વરી સોસાયટી પાસે, દાળમીલ રોડ બીટ નં. ૧ સુરેન્દ્રનગર ખાતે આ કામના ફરીયાદીના બંધ ઘરમા દિવાલ કુદીને ઘરના અંદરના મેઈન દરવાજાની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘરમા તિજોરી મા રાખેલ સોનાના ચાંદીના દાગીના કિંમત રૂ. ૯૦,૦૦૦/– તથા રોકડા રૂ. ૮૦,૦૦૦/– તથા જુદી જુદી બેંકના એ.ટી.એમ કાર્ડ ૦૪ તથા ક્રેડીટ કાર્ડ ૦૨ કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦/– ની ચોરી કરી. ઈ.પી. કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે. શિક્ષા પાત્ર ગુન્હાની થયેલી ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ હાલનું ઈન્કવાયરી ચાર્જશીટ સજાને પાત્ર ગુનાની કાર્યવાહી માટે હાલની ફરીયાદ આપેલ છે.

(૨) સદર કામમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ સુરેન્દ્રનગર ના સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર્ડ નં. ૧૧૨૧૧૦૫૭૨૩ ૦૫૮૭/૨૦૨૩ થી ઇ.પી. કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબની ફરીયાદ દાખલ થતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તર્ફે યોગ્ય જામીન રજૂ થયેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને જામીન મુકત થયેલ.

(૩) સદર કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને ધોરણસરની સમન્સ ની બજવણી થઇ જતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તથા તેના વાલી હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.ની કલમ: ૨૦૭ અન્વયે પુરી પાડયા બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ આંક:૦૩ થી પ્લી નોંધી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરિયાદ પક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કામમાં ફરીયાદપક્ષ દ્ધારા તેઓનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓનું લિષ્ટઃ**

| ક્રમ નં. | નામો | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહનાઓની સોગંધ પર જુબાની | ૦૭ |
| ૨ | પંચસાહેદ મનહરસિંહ દશરથસિંહ ચૌહાણનાઓની સોગંદ પર જુબાની | ૦૫ |
| ૩ | પંચસાહેદ આબિદ ઉસ્માનભાઈ ઝુરાનીનાઓની સોગંદ પર જુબાની | ૦૯ |
| ૪ | પંચસાહેદ કાદરભાઈ મહોમદભાઈ માણેકનાઓની સોગંદ પર જુબાની | ૧૧ |
| ૫ | સાહેદ કનકભાઈ જેઠાલાલ શાહનાઓની સોગંદ પર જુબાની | ૧૩ |
| ૬ | સાહેદ જસ્મિનભાઈ હર્ષદરાય શાહનાઓની સોગંદ પર જુબાની | ૧૫ |
| ૭ | સાહેદ ધરાબેન વિરેન્દ્રભાઈ શાહનાઓની સોગંદ પર જુબાની | ૧૮ |
| ૮ | ત.ક.અ. અને ચા.ક.અ. પ્રકાશસિંહ ભૈરવસિંહ રમલાવત નાઓની સોગંદ પર જુબાની | ૧૯ |
| ૯ | ત.ક.અ. ક્રિષ્નાબા હમીરભાઈ ઝનકાતનાઓની સોગંદ પર જુબાની | ૨૪ |

## દસ્તાવેજી પુરાવાઓનું લિષ્ટઃ

| **ક્રમ નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદની ખરી નકલ | ૦૮ |
| ૨ | બનાવવાળી જગ્યા અંગેનું પંચનામું | ૦૬ |
| ૩ | જુવેનાઈલને અટક કર્યા અંગેનું પંચનામું | ૧૦ |
| ૪ | જુવેનાઈલનુ શરીર સ્થિતિના પંચનામા | ૨૦ |
| ૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૧ |
| ૬ | ડોગ કામગીરી કોલ ફોર્મ નં. ૨૭/૨૦૨૩ | ૨૨ |

ફરિયાદપક્ષ ધ્વારા આ સિવાય કોઈ સાક્ષી પુરવા રજુ કરવામાં આવેલ નથી.

**(૫)** આ કામે ફરીયાદપક્ષના પુરાવાને આધારે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ: ૩૧૩ ની જોગવાઈ અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે આ બોર્ડ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તમો કા.સં.બા.એ ગઈ તા. ૦૫/૦૬/૨૦૨૩ ના કલાક ૧૧.૩૦ થી તા. ૦૭/૦૬/૨૦૨૩ ના કલાક ૧૭.૪૫ સુધીના સમયગાળાના દરમ્યાન કોઈ પણ સમયે સુરેન્દ્રનગર ન્યુ ચંદ્રોદય સોસાયટી, વાઘેશ્વરી સોસાયટી પાસે, દાળમીલ રોડ બીટ નં. ૧ સુરેન્દ્રનગર ખાતે આ કામના ફરીયાદીના બંધ ઘરમા દિવાલ કુદીને ઘરના અંદરના મેઈન દરવાજાની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘરમા તિજોરી મા રાખેલ સોનાના ચાંદીના દાગીના કિંમત રૂ. ૯૦,૦૦૦/– તથા રોકડા રૂ. ૮૦,૦૦૦/– તથા જુદી જુદી બેંકના એ.ટી.એમ કાર્ડ ૦૪ તથા ક્રેડીટ કાર્ડ ૦૨ કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦/– ની ચોરી કરી. ઇ.પી. કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

૨. **શું હુકમ ?**

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના આ બોર્ડના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ અને ૨ ના સંયુકત તારણો઼:: –**

**(૯) ફરિયાદીઃ**

આ કામે ફરિયાદપક્ષે આંક:૦૭ થી ફરિયાદી વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહનાઓને ફરીયાદી તરીકે તપાસેલા છે. સદર ફરીયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલ અમો ઉપર બતાવેલ સરનામે રહીએ છીએ આ અગાઉ અમો ન્યુ ચંદ્રોદય સોસાયટી વાઘેસ્વર સોસાયટી પાસે દાળમીલ મુકામે રહેતા હતા. ગઈ તા. ૦૪/૦૬/૨૦૨૩ ના

રોજ હુ સામાજીક કામ અર્થે ભુજ ગયેલો હતો અને મારા પત્ની ધરાબેન તથા મારી દીકરી સોમ્યા ઘરે હતા. તેઓ પણ તા. ૦૫/૦૬/૨૦૨૩ ના સવારના આશરે ૧૧.૩૦ ની આસપાસ મારા સાળી ના ઘરે ગયા હતા અને ત્યાં જ રોકાયા હતા. ગઈ તા. ૦૭/૦૬/૨૦૨૩ ના રોજ હું તથા મારા માતા ભુજથી સુરેન્દ્રનગર આવવા નીકળેલ હતા અને અમોએ મારા પત્નીને ફોન કરેલ હતો કે અમો આવવા નીકળેલ છીએ જેથી તમે પણ આપડા ઘરે આવી જજો તેવી વાત થયેલ. તેઓ સાંજના ૦૫.૦૦ થી ૦૫.૩૦ વાગ્યાના અરસામાં ઘરે આવેલ અને તેમણે મને વિડીયો કોલ કરીને બતાવેલ કે આપણા ઘરના મૈંઈન દરવાજાનું લોક તૂટેલ હતું. ઘરના બંને રૂમનો સામાન વેર વિખેર પડેલ હતો. બંને રૂમની અંદરના લોખંડના કબાટના તાળા પણ તૂટેલ હતા. અમો ૦૬.૦૦ થી ૦૭.૦૦ વાગ્યાના અરસામાં ઘરે પહોચી ગયેલ. અને ત્યાં ઘરની વસ્તુઓ જોઇને ત્યારબાદ અમોએ પોલીસને જાણ કરેલી અને મારી સાળી અને મારા કાકા પણ ત્યાં આવી ગયેલા, ત્યારબાદ પોલીસ આવી ગયેલી અને તપાસ કરતા અમારા દાગીનાઓ જેમાં મારા મમ્મીનો સોનાનો ચેન, ૦૩ નંગ સોનાની બુટી, ૦૩ નંગ સોનાની વીટી, એક સોનાનું પેન્ડલ, ૦૨ સોનાની બંગડી, ૧૦ કે ૨૦ ગ્રામની આશરે ચાર પાંચ લગડી, ચાંદીની વસ્તુઓ જેવી કે ધુપીયું ચામર અને દર્પણ અને રોકડ રૂપિયા આશરે ૧૦,૦૦૦/- કે ૨૦,૦૦૦/- અને થોડીક એન્ટીક ચલણી નોટો હતી. જે જોવામાં આવેલ નહિ અને અન્ય એટીએમ કાર્ડ કે ક્રેડીટ કાર્ડ જોવામાં આવેલ નહિ. પાછળથી એટીએમ કાર્ડ અને ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડ પરત મળી ગયેલ. જે કુલ મળીને આશરે રૂપિયા ૧,૯૦,૦૦૦/- ની ચોરી થયેલી હતી. આ બનાવ અંગે અમોએ ફરિયાદ આપેલી જે ફરિયાદની ખરી નકલ આજરોજ મને બતાવવામાં આવે છે. જેમાં મારી સહી ઓળખી બતાવું છું. જે આ કામે આંક:૦૮ થી રજુ છે.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે જે બનાવ મારા ઘરે બનેલ ચોરીનો તે મેં નજરે જોયેલ નથી કે કોણ હતું તે પણ મેં જોયેલ નથી અને ક્યારે લઈ ગયેલ તે પણ મને ખબર નથી. એ વાત ખરી નથી કે બનાવની જાણ મને ઘરે આવ્યા બાદ થયેલી.

**(૧૦) પંચસાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૦૫ થી આ કામના પંચસાહેદ મનહરસિંહ દશરથસિંહ ચૌહાણનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આજથી આશરે દોઢેક વર્ષ પહેલા સોસાયટી કે હાલ મને ચોક્કસ નામ યાદ નથી તે જગ્યાએ હું અને મારી સાથે કામ કરવાવાળા અમિતભાઈ પણ હતા. ત્યાં તે જગ્યાએ જેના ઘરે ચોરી થઈ તે વિરેન્દ્રભાઈ શાહ પણ હાજર હતા અને અમને જાણવા મળેલ કે તેઓ બહારગામ ગયેલ અને પહોચ્યા ત્યારે ચોરી થયેલી હતી. ત્યાં તેમના ઘરમાં અંદર જઈને અમોએ કબાટ જે ખુલ્લો પડેલો હતો અને અન્ય પણ વસ્તુઓ વેર વિખેર પડેલ હતી અને અન્ય કબાટમાંથી સોનું તેમજ અન્ય રૂપિયા ચોરી થયેલાનુ જાણવા મળેલુ. ત્યારબાદ પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. આજરોજ મને બનાવવાળા પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી ઓળખી બતાવું છું. જે આ કામે આંક:૦૬ થી રજુ છે.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે અમને કોઈ પોલીસે બોલાવેલ નહિ. એ વાત ખરી છે કે વિરેન્દ્રભાઈ રામજીભાઈ શાહને ઓળખું છુ જે અમારી બાજુ દાળમીલ રોડ પર રહે છે. એ વાત ખરી નથી કે પોલીસે લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા અમે બધુ જોઈ અને પોલીસ વાળાએ બધું લખી લઇ બાદ સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. એ વાત ખરી છે કે અમે ગયા ત્યારે શેરીના ઘણા બધા માણસો હતા અને તેમાંથી હું કોઈને ઓળખતો નહોતો. એ વાત ખરી છે કે હું સહી કરીને જતો રહેલો. એ વાત ખરી છે કે પોલીસે કમ્પ્યુટર લઈને આવેલ હોય અને અમારી રૂબરૂમાં કઈ ટાઈપ કરતા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે વિરેન્દ્રભાઈ અમારા ઓળખીતા હોય તેમને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે હું ત્યાં ગયેલ નથી કે કઈ જોયેલ નથી.

**(૧૧) પંચસાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૦૯ થી આ કામના પંચસાહેદ આબિદ ઉસ્માનભાઈ ઝુરાનીનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આશરે એક વર્ષ પહેલા હું ટાવર પાસે નીકળતો હતો ત્યારે અમોને પોલીસવાળાએ મને સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. સહી કઈ બાબતની હતી તેની મને ખબર નથી. મેં કહી વાંચેલ નહિ પોલીસ એ કાઈ સમજાવેલ નહિ મારી હાજરીમાં કોઈ કા.સં.બા.ની અટક પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. આજરોજ મને કા.સં.બા.ની અટક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી ઓળખી બતાવું છું. જે આ કામે આંક:૧૦ થી રજુ છે. આ સિવાય હું કશું જાણતો નથી.

તે તબબકે સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ. પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ફરીયાદપક્ષના સાહેદને વિમુખ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગતા સદર પરવાનગી આપેલ તેમાં વિ.એ.પી.પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછેલ તેમાં તેમણે એવી હકીકત જણાવેલ કે, એ વાત ખરી નથી કે તા. ૧૪/૦૮/૨૦૨૩ ના કલાક ૦૮.૨૫ થી ૦૮.૪૫ વાગ્યાના સમયગાળા દરમીયાન સીટી એ ડીવીઝન પોલીસના બોલાવાથી પી.એસ.આઈ. ચેમ્બરમાં હાજર થઈ સમજ કરી કે ઈ.પી.કો. કલમ: ૪૫૪, ૪૫૭ વિગેરે મુજબના કામે કા.સં.બા.ની શરીર સ્થિતિનું પંચનામુ કરવાનુ હોય પંચમા રહેવા સંમંત થયા. એ વાત ખરી નથી કે અહિ પોલીસ પાસે એક બાળક હાજર હોય જેનું નામઠામ પૂછી લઈ શરીર સ્થિતિનું પંચનામું કરી લઈ પૂછપરછ માટે હસ્તગત કરેલ. એ વાત ખરી નથી કે પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરોબર હોય વાચી સમજી સહી કરેલ હોવા છતા કા.સં.બા.ને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

**(૧૨) પંચસાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૧ થી આ કામના પંચસાહેદ કાદરભાઈ મહોમદભાઈ માણેકનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આશરે એક વર્ષ પહેલા હું ટાવર પાસે નીકળતો હતો ત્યારે અમોને પોલીસવાળાએ મને

સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. સહી કઈ બાબતની હતી તેની મને ખબર નથી. મેં કહી વાંચેલ નહિ પોલીસ એ કાઈ સમજાવેલ નહિ મારી હાજરીમાં કોઈ કા.સં.બા.ની અટક પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. આજરોજ મને આંક:૧૦ વાળા કા.સં.બા.ના અટક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી ઓળખી બતાવું છું. આ સિવાય હું કશું જાણતો નથી.

તે તબબકે સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ. પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ફરીયાદપક્ષના સાહેદને વિમુખ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગતા સદર પરવાનગી આપેલ તેમાં વિ.એ.પી.પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછેલ તેમાં તેમણે એવી હકીકત જણાવેલ કે, એ વાત ખરી નથી કે તા. ૧૪/૦૮/૨૦૨૩ ના કલાક ૦૮.૨૫ થી ૦૮.૪૫ વાગ્યાના સમયગાળા દરમીયાન સીટી એ ડીવીઝન પોલીસના બોલાવાથી પી.એસ.આઈ. ચેમ્બરમાં હાજર થઈ સમજ કરી કે ઈ.પી.કો કલમ: ૪૫૪, ૪૫૭ વિગેરે મુજબના કામે કા.સં.બા.ની શરીર સ્થિતિનું પંચનામુ કરવાનું હોય પંચમા રહેવા સંમંત થયા. એ વાત ખરી નથી કે અહિ પોલીસ પાસે એક બાળક હાજર હોય જેનું નામઠામ પૂછી લઈ શરીર સ્થિતિનું પંચનામુ કરી લઈ પૂછપરછ માટે હસ્તગત કરેલ. એ વાત ખરી નથી કે પંચનામુ અમો પંચોના લખાવ્યા મુજબ બરોબર હોય વાચી સમજી સહી કરેલ હોવા છતા કા.સં.બા.ને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

**(૧૩) સાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૩ થી આ કામના સાહેદ કનકભાઈ જેઠા લાલ શાહનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલ અમો ઉપર બતાવેલ સરનામે મારી પત્ની હસુબેન સાથે રહીએ છીએ અને સી.યુ.શાહ એન્જીનીયરીંગ કોલેજ ખાતે ક્લાર્ક તરીકે છેલ્લા ૧૫ વર્ષથી નોકરી કરૂ છુ. વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહ બનાવ સમયે ન્યુ ચંદ્રોદય સોસાયટી, દાળમીલ રોડ, સુરેન્દ્રનગર ખાતે રહેતા હતા. તા. ૦૭/૦૬/૨૦૨૩ ના રોજ વિરેન્દ્ર ભાઈનો મને ફોન આવેલો અને જણાવેલ કે મારા ઘરે ચોરી થયેલ હોય તેવું

જણાય છે તેથી તમે તુરંત આવો તે બાદ હું ત્યાં ગયેલો. હું ત્યાં ગયેલો ત્યારે વિરેન્દ્રભાઈ અને તેમની પત્ની તપાસ કરતા હતા અને તે વખતે મેઈન દરવાજાનુ તાળુ તૂટેલ હતુ અને ઘરના અંદરના મેઈન દરવાજાની લોખંડની જાળીને મારેલ તાળું પણ તૂટેલ હતું અને ઘરમાં ઓશરી અને બંને રૂમમાં સર સામાન વેર વિખેર પડેલ હતો. જેથી આ બાબતે વિરેન્દ્રભાઈએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર આવેલી. તે બાદ વિરેન્દ્રભાઈની પત્નીએ ખાતરી તપાસ કરતા વિરેન્દ્રભાઈની માતાના રૂમમાંથી સોનાની ચેન એક આશરે બે તોલા, સોનાની બે બંગળી આશરે બે તોલા, સોનાની બુટી જોડ ત્રણ આશરે એક તોલા, સોનાની વીટી નંગ ૦૩ આશરે ૦૬ ગ્રામ. તેમજ ચાંદીના છળા કાળશ, ધુપીયુ, દર્પણ, ચામર, ચાંદીની લગડી તથા રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- હતા કે જેમાં રૂપિયા ૫૦૦ ની ૪૦ નોટો હતી તેમજ વિરેન્દ્રભાઈના કબાટમાંથી રૂપિયા ૬૦,૦૦૦/- રોકડા તથા ચાર પાંચ બેંકના ક્રેડીટ તથા ડેબીટ કાર્ડની ચોરી થયેલાનું .જણાવેલું આ બાબતે વિરેન્દ્રભાઈએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. પોલીસે બનાવ અંગે મારી પૂછપરછ કરેલી.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે ફરિયાદ કરવામાં આવેલી તે દિવસે મારી પૂછપરછ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે ચોરી કોણે અને ક્યારે કરેલી તે અંગેની મને કોઈ જાત માહિતી નથી. હું કા.સં.બા.ને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે ફરિયાદી મારા ભત્રીજા થતા હોય તેની ફરિયાદના સમર્થનમાં ખોટી જુબાની આપું છુ.

**(૧૪) સાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૫ થી આ કામના સાહેદ જસ્મિનભાઈ હર્ષદરાય શાહનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલ અમો ઉપર બતાવેલ સરનામે રહીએ છીએ અને પ્રાઈવેટ નોકરી કરીએ છીએ. બનાવ આશરે દોઢ-બે વર્ષ પહેલા બનેલો. ફરીયાદી વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહ મારા સાઢુભાઈ થાય છે કે જેઓ ચંદ્રોદય સોસાયટી, દાળમીલ રોડ મુકામે રહે છે તેઓના ઘરે ચોરીનો બનાવ બનેલો. મારી સાળીનો મને ફોન આવેલ અને

મને જણાવેલ કે હું અને મમ્મી બહારગામ ગયા હતા અને ઘરે કોઈ ન હતુ. તે બાદ હુ તેમના ઘરે ગયેલો. તે વખતે ઘરનુ તાળુ તોડેલુ હતુ અને તિજોરીના પણ તાળા તોડેલા હતા. તે બાદ ફરીયાદી વિરેન્દ્રભાઈ આવી ગયેલ અને ઘરમા તપાસ કરેલ. તે બાદ પોલીસ આવેલી અને પોલીસ સાથે રાખી તપાસ કરતા રૂ. ૧,૫૦,૦૦૦/- રોકડા તથા સાડા ત્રણ તોલાની આસપાસના સોનાના દાગીનાની ચોરી થયેલાનુ જણાવેલ. જેથી મારા સાઢુભાઈ વિરેન્દ્ર ભાઈએ ફરીયાદ આપેલી. પોલિસે બનાવ અંગે મારી પુછપરછ કરેલી.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઈ જાત માહિતિ નથી. કોને ચોરી કરી, ક્યારે ચોરી કરી તે બાબતે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે મને પોલીસે કાઈ પુછેલ નથી અને મે કાઈ લખાવેલ નથી.

**(૧૫) સાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૮ થી આ કામના સાહેદ ધરાબેન વિરેન્દ્રભાઈ શાહનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલ અમો ઉપર બતાવેલ સરનામે મારા પતિ તથા પરીવાર સાથે રહુ છુ અને ઘરકામ કરૂ છુ. બનાવ આશરે દોઢ બે વર્ષ પહેલા બનેલો. હુ તથા મારી દીકરી સોમ્યા બન્ને મારી બેન મનીષાબેનના ઘરે ગયેલા હતા અને ત્યા જ રોકાયેલા હતા અને મારા સાસુ તથા મારા પતિ કચ્છ મુકામે ગયેલ હતા અને બનાવની સાંજે અમો ઘરે આવેલા અને જોયુ તો મે ગેટમા અન્દર ઝાડીનુ તાળુ તોડેલુ હતુ અને ઘરમા કબાટમા રહેલો બધો સામાન વેરવિખેર પડેલો હતો. ત્યારબાદ મારા પતિને પણ ફોન કરેલો અને બાજુવાળાને પણ બોલાવેલા. મારા પતિ વિરેન્દ્ર ભાઈએ ચોરી અંગેની ફરીયાદ કરેલી. ચોરીમા રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીના ચોરાયેલા હતા. બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરેલી.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે જે બનાવ મારા ઘરે બનેલ ચોરીનો તે મેં નજરે જોયેલ નથી કે કોણ હતું તે પણ મેં જોયેલ નથી અને ક્યારે લઇ ગયેલ તે પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે

પોલિસે મારી હાજરીમા કોઈ વ્યક્તિ પાસેથી મારી ચોરાયેલ વસ્તુ લઈ પરત આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે બનાવની જાણ મને ઘરે આવ્યા બાદ થયેલી.

## (૧૬) ત.ક.અ. અને ચા.ક.અ.:

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૯ થી આ કામના તપાસ કરનાર અધિકારી અને ચાર્જશીટ કરનાર અધિકારી પ્રકાશસિંહ ભૈરવસિંહ રમલાવત નાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલ અમો ઉપર બતાવેલ સરનામે પરીવાર સાથે રહીએ છીએ અને પોલીસ અધિક્ષક કચેરી સુરેન્દ્રનગર ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવીએ છીએ. સને ૨૦ ૨૩ મા બી ડીવીઝન પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા હતા ત્યારે તા. ૨૦/૦૭/૨૦૨૩ ના રોજ પોલીસ ઈન્સ્પેકટરની સુચનાથી સદર ગુના હીત તપાસ પોલીસ સ્ટેશન કે.એચ.જનકાતનાઓ પાસેથી સંભાળી લીધેલ. આ કામે સહ આરોપી કા.સં.બા. તથા રૂપાબેન તથા ભાવેશભાઈ રમેશભાઈનાઓને પકડવાના બાકી હોય બીટ ઈન્ચાર્જ તથા સર્વેલન્સ સ્કોર્ડ ઈન્ચાર્જને યાદીઓ લખેલ. તેમજ આરોપી કા.સં.બા.ના મોબાઈલ ના આઈ.એ.એમ.આઈ. નંબર આધારે સી.ડી.આર. અને એસ.ડી.આર. મેળવવા ફોર્મ ભરી મોકલી આપેલ. આરોપી કા.સં.બા.ને એલ.સી.બી. સુરેન્દ્રનગરનાએ હસ્તગત કરી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન સોપતા તેની ઉંમર નાની લાગતા દસ્તાવેજી પુરાવા મેળવી કોવિડ રીપોર્ટ કરાવવા નોટ રાખેલ અને કા.સં.બા.ને હસ્તગત કરનાર એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલના નિવેદનો મેળવેલ. કા.સં.બા.નું આધાર કાર્ડ મંગાવી ખરાઈ કરતા તેની ઉંમર ૧૭ વર્ષ ૦૩ માસ ૨૪ દિવસનુ જણાઈ આવતા કોવિડ ટેસ્ટ કરાવતા નેગેટીવ આવેલ અને તેને પુછપરછ સારૂ તા. ૧૪/૦૮/૨૦૨૩ ના રોજ હાજર રાખવા અંગે તેની ભાભી ગીતાબેનને નોટીસ આપી સોપેલ. આપેલ નોટિસ મુજબ તેની ભાભી કા.સં.બા.ને લઈને હાજર રહેતા પંચો રૂબરૂ શરીર સ્થિતિનું પંચનામું કરેલ જે પંચનામું આ કામે આંક:૨૦ થી રજુ છે જે આજરોજ મને બતાવવામાં આવે છે. જેમા બે પંચો તેમજ રૂબરૂ તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ. તેની

ભાભીની હાજરીમા કા.સં.બા.ની પુછપરછ કરી નોંધ કરાવેલ અને આ કા.સં.બા.નો પ્રોબેશન રીપોર્ટ કાઢી આપવા બાળ સુરક્ષા અધિકારીને રીપોર્ટ કરેલ. અમો કા.સં.બા.ને પ્રિન્સીપાલ શ્રી જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ હાજર રાખતા કા.સં.બા.ને રાજકોટ ઓબર્ઝવેશન હોમમા મુકવાનો હુકમ કરતા મોકલી આપેલ. તેમજ સદરહુ તપાસના કામે સ્થળ પરીક્ષણ અહેવાલ સામેલ રાખેલ. જે આ કામે આંક:૨૧ થી રજુ છે. તેમજ ડોગ કામગીરી કોલ ફોર્મ નં. ૨૭/૨૦૨૩ જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે આંક:૨૨ થી રજુ છે. ત્યારબાદ તમામ તપાસ ના કાગળોનો અભ્યાસ કરી કા.સં.બા. વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર બોર્ડમા ચાર્જશીટ કરેલ.

જુવેનાઈલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના કા.સં.બા. વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં સારી કામગીરી બતાવવા માટે વર્તણુક અહેવાલ નામદાર બોર્ડ સમક્ષ બોર્ડમાં રજુ કરેલ છે.

**(૧૭) ત.ક.અ.:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૨૪ થી આ કામના તપાસ કરનાર અધિકારી ક્રિષ્નાબા હમીરભાઈ ઝનકાતનાઓને પોતાના તપાસ કરનાર અધિકારી તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૦૯/૦૬/૨૦૨૩ ના રોજ અમો સુરેન્દ્રનગર એ ડિવીઝન ખાતે પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજવતા હતા તે દરમીયાન અમોને સુરેન્દ્રનગર એ ડિવીઝન ગુન્હા રજીસ્ટર્ડ નં. ૨૩૦૫૮૭/૨૩ આઈ.પી.સી. કલમ: ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જી.એન.શ્યારા પાસે થી મેળવી આ કામેના ફરિયાદી વિરેન્દ્રભાઈ સવજીભાઈ શાહનાઓએ આપેલ ફરીયાદના કામે તેમનુ અમારી રૂબરૂનુ વિશેશ નીવેદન લીધેલ અને તપાસમા સામેલ રાખેલ અમોએ તા. ૦૮/૦૬/૨૦૨૩ ના રોજ બનાવવાળી જગ્યાએ જઈ ફરીયાદીને બતાવ્યા પ્રમાણે જગ્યાનુ પંચનામુ કરી લીધેલ જે પંચનામુ આ કામે આંક:૦૫ થી રજુ છે. જે આજરોજ મને બતાવામાં આવે છે જેમા પંચોની તેમજ રૂબરૂ તરીકેની મારી સહી ઓળખી બતાવું છુ. ત્યારબાદ તા.

૦૬/૦૭/૨૦૨૩ ના રોજ એસ.ઓ.જી. બ્રાન્ચ સુરેન્દ્રનગરનાઓએ સી. આર.પી.સી. કલમ: ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે લીધેલ મુદ્દામાલ અમોએ પંચનામાની વિગતે કબજે લીધેલ. જે પંચનામુ અમારા રૂબરૂનુ આ કામે **આંક:......** થી રજુ છે. જે આજરોજ મને બતાવામાં આવે છે. જેમા પંચોની તેમજ રૂબરૂ તરીકેની મારી સહી ઓળખી બતાવુ છુ. ત્યારબાદ અમોએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ. ત્યારબાદ અમારી બદલી થતા આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર પી.બી. રમલાવતનાઓએ સંભાળેલ.

જુવેનાઇલ તર્ફે તેમના વિ.વ.શ્રી વી.ટી.વાઘેલાનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા એ રહેણાંકનો વિસ્તાર આવેલો છે અને તેની આજુબાજુ ઘણા બધા રહેણાકના મકાનો આવેલા છે અને ત્યા ઘરની આગળ જાહેર રસ્તો આવેલો છે અને ત્યા માણસોની અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે પંચનામુ પોલીસ સ્ટેશનમા બેસી પાછળથી તૈયાર કરી પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે ફરીયાદને અનુલક્ષીને સાહેદોના નીવેદનો લીધેલા. એ વાત ખરી નથી કે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી.

**(૧૮) પંચનામા:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૦૬ થી બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આંક:૧૦ થી જુવેનાઈલને અટક કર્યા અંગેનું પંચનામું તથા આંક:૨૦ થી જુવેનાઈલની શરીર સ્થિતિ અંગેનું પંચનામું રજુ કરેલ છે. જેમાં કા.સં.બા. તરફે વિ.વ.શ્રીએ આંક આપવામાં આવે તો વાંધો નથી તેવો શેરો મારેલ છે. સદર પંચનામાની હકીકતો પુરવાર થાય છે પરંતુ ગુનાના આવશ્યક તત્ત્વો પુરવાર કરેલ નથી.

**(૧૯)** આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલા તમામ પુરાવાઓનું પૃથ્થકરણ અને વિશ્લેષણ કરવામાં આવે તે પહેલાં આ કામે જુવેનાઇલ પર આક્ષેપિત ગુન્હા ની કલમો જોવામાં આવે તો કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ ઇ.પી. કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના ગુન્હાનો ફરિયાદ પક્ષનો આક્ષેપ છે. ઉપરોકત કલમોની કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**(ઘ) <u>ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૧૪ મુજબનો ગુનો બનવા માટે નીચે મુજબના ઘટકો પુરવાર થવા જરૂરી છે :– ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી બાબત :–</u>**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૨૦)** આથી આ કામે ઉપરોકત ચર્ચાઓ તથા ફરિયાદપક્ષનાં સમગ્ર પુરાવા ઓનું પૃથ્થકરણ, તુલનાત્મક વિશ્લેષણ તથા અવલોકન કરવામાં આવે તો ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે

આ કામે હકીકત એવી છે કે તમો કા.સં.બા.એ ગઈ તા. ૦૫/૦૬/૨૦૨૩ ના કલાક ૧૧.૩૦ થી તા. ૦૭/૦૬/૨૦૨૩ ના કલાક ૧૭.૪૫ સુધીના સમયગાળાના દરમ્યાન કોઈ પણ સમયે સુરેન્દ્રનગર ન્યુ ચંદ્રોદય સોસાયટી, વાઘેશ્વરી સોસાયટી પાસે, દાળમીલ રોડ બીટ નં. ૧ સુરેન્દ્રનગર ખાતે આ કામના ફરીયાદીના બંધ ઘરમા દિવાલ કુદીને ઘરના અંદરના મેઈન દરવાજાની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘરમા તિજોરી મા રાખેલ સોનાના ચાંદીના દાગીના કિંમત રૂ. ૯૦,૦૦૦/– તથા રોકડા રૂ. ૮૦,૦૦૦/– તથા જુદી જુદી બેંકના એ.ટી.એમ કાર્ડ ૦૪ તથા ક્રેડીટ કાર્ડ ૦૨ કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦/– ની ચોરી કરી. ઇ.પી.કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના કામે ગુનો કરેલ હોય આ કામના ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેમણે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ જ પુરાવો ફલીત ન થતો હોય અને તેવા સંજોગોમાં આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તેમના પર આક્ષેપીત ગુન્હાનાં કામે નિર્દોષ છુટવા હકકદાર બનતા હોવાનાં તારણ પર આ બોર્ડ આવતુ હોય જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તર્ફે મુદા નંબર ૦૧ નો જવાબ નકારમાં આપી મુદા નંબર ૦૨ પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## :: હુકમ ::

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ: ૨૫૫(૧) અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની [redacted] જી. સુરેન્દ્રનગરનાઓને ઈ.પી.કો. કલમ: ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ: ૪૩૭(એ) અન્વયે જુવેનાઈલોએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં, અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના જુવેનાઈલો અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમય મર્યાદા માટે જુવેનાઈલોના વાલીના જામીનખત તથા જાતમચુરકા ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

(૩) બાળ ન્યાય (બાળકો માટે સુરક્ષા અને સંભાળ) અધિનિયમ ૨૦૧૫ – ની કલમ ૨૪ વંચાણે લેતા અને રજુ થયેલ હકીકતો ના અસ્તિત્વ માં આથી સ્પષ્ટ કરવાનું કે, સબબ કામે બાળ કિશોરને સમગ્ર પ્રક્રિયા બાદ, નિર્દોષ જાહેર કરવામાં આવેલ હોઈ, આ ગુનાનું રેકર્ડ/માહિતી ધરાવતા તમામ પોલીસ કચેરીને બાળ કિશોરના ગુનાને લગત તમામ રેકર્ડ નિયમ અને કાયદાને આધિન નષ્ઠ કરવાનો આદેશ કરવામાં આવે છે અને જોઈ કોઈ પણ કચેરી ને તેઓ દ્વારા આ ગુનાના સંબંધમાં બાળ કિશોરને હિતને અસર કરતી કોઈ માહિતી/અહેવાલ મોકલવામાં આવેલ હોય, તો આ હુકમની નકલ પ્રાપ્ત થયેથી તે પરત ખેચવા/તેની અસર નષ્ટ કરવા જરૂરી પત્ર વ્યવહાર કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લા બોર્ડમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**JUDGEMENT** **Juivenile Inq. Case No. 45/2023**

**તારીખ:** ૦૧/૦૭/૨૦૨૬

**મુકામ :** સુરેન્દ્રનગર.

**(ટી.એ.ભાડજા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,**
**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**સુરેન્દ્રનગર.**
**જજ કોડ જીજે–૦૧૩૯૯**

| | |
|---|---|
| **(કે. વી. શુકલ)** | **(એસ.આર.રાવલ)** |
| સભ્યશ્રી | સભ્યશ્રી |
| જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, | જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, |
| સુરેન્દ્રનગર. | સુરેન્દ્રનગર. |